GJJN080004352026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ-માસ-દિવસ |
| | ૦૦ ૦૩ ૧૮ |

આંક-

**FORM – A**

***IN THE COURT OF PRINCIPAL SR. CIVIL JUDGE & ADDI. CHIEF JUDICIAL MAGISTRATE , KESHOD***

Present:

*PRINCIPAL SR. CIVIL JUDGE & ADDI. CHIEF JUDICIAL MAGISTRATE, KESHOD*

DATE OF JUDGMENT: 10/07/2026

CRIMINAL CASE NO.287/2026

Keshod Police Station FIR No.11203030250799/2025

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. A. P.P Mr. M.L.Saiyad. |
| Accused | (1) Alpesh Harsukhbhai Makadiya,<br>Age about-29,<br>Occu.-Labour,<br>(2) Harsukhbhai Bhimashibhai Makadiya,<br>Age about-52,<br>Occu.Labour,<br>(3) Saradaben W.O. Harsukhbhai Makadiya, |

| | |
|---|---|
| | age about–50,<br>Occu.–Labour,<br>(4) Abhay Harsukhbhai Makadiya,<br>Age about–25,<br>Occu.Labour,<br>Re–All Titodi,<br>Tehsil–Keshod,<br>Dist.–Junagadh. |
| Represented by | Mr. K.V.Chudasama Advocate for the accused. |

## FORM - B

| | |
|---|---|
| Date of Offence | 14/10/2025 |
| Date of FIR | 15/10/2025 |
| Date of Charge-sheet | 23/03/2026 |
| Date of Charge framing | 08/06/2026 |
| Date of commencement of evidence | 06/07/2026 |
| Date on which Judgment is reserved -- | |
| Date of the Judgment | 10/07/2026 |
| Date of the Sentencing Order, if any | -- |

| Rank Name of the Accused | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convict | sentence imposed | Period of detention under |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | go |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Alpesh Harsukhbhai Makadiya | - | - | BNS-85, 115 (2), 351 (3), 352, 54 | acquitted | - | - |
| 2 | Harsukhbhai Bhimashibhai Makadiya | - | - | BNS-85, 115 (2), 351 (3), 352, 54 | acquitted | - | - |
| 3 | Saradaben W.O. Harsukhbhai Makadiya | - | - | BNS-85, 115 (2), 351 (3), 352, 54 | acquitted | - | - |
| 4 | Abhay Harsukhbhai Makadiya | - | - | BNS-85, 115 (2), 351 (3), 352, 54 | acquitted | - | - |

## FORM – C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

### A. Prosecution

| Rank | Ex. | Name | Nature of Evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૦ | પ્રભાબેન અલ્પેશભાઇ માકડીયા | ફરિયાદી |
| PW-2 | ૧૨ | સાજણભાઇ સામતભાઇ બાંભણીયા | સાહેદ |
| PW-3 | | | |

### B. Defence witnesses, if any: None

### C. Court witnesses, if any: None

મુખ્ય સીની. સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી. મેજી.કોર્ટ, કેશોદ.

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

### A. Prosecution:

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદ |
| ૨ | ૧૩ | સ્થાનિક બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૪ | આરોપીનું અટક પંચનામું |
| ૪ | ૧૫ | એમ.એલ.સી. સર્ટીફીકેટ |

**B. Defence witnesses, if any: None**

**C. Court witnesses, if any: None**

**D. Material Objects:None**

**<u>જ જ મે ન્ટ</u>**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ સાથે પ્રેમલગ્ન કરેલ હોય અને આરોપી નં.૧ કોઇ કામધંધો કરતા ન હોય જે બાબતે ફરિયાદીએ આરોપી નં.૧ ને કામધંધો કરતા આરોપી નં.૧, ૨, ૩ નાએ ફરિયાદીને મેણાટોણા મારી અને અવાર-નવાર નાની નાની બાબતે ઝઘડો કરી, ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી તથા ગઇ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ આરોપી નં.૧ તથા ૨ નાએ પાઇપ અને લાકડીથી તથા આરોપી નં.૩, જનાએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી આજતો તને જાનથી મારી નાંખવી છે તેવી ધમકી અપાવી ફરિયાદીને શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદીએ ફરિયાદ આરોપીઓ વિરુદ્ધ આપેલ. જે ફરિયાદીની ફરિયાદ અન્વયે કેશોદ પોલીસ સ્ટેનશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૩૦૨૫૦૭૯૯/૨૫ થી બી.એન.એસ.ની કલમ- ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે હાલના આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ હાલના આરોપીઓ વિરુદ્ધ

ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ માં ઠરાવેલા જોગવાઇ અનુસાર આરોપીઓને તેઓને બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્ય સોંપ્યાની ખાતરી કર્યા બાદ ગુન્હાની સમજ કરી, આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ થી આંક–૦૮ સુધી આરોપીઓના નિવેદન નોંધતા તેની સામેના ગુનાનો ઇનકાર કરેલ છે. ૦

**(૩)** આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ આ કામના ફરિયાદીએ આંક–૧૬ થી વધું કોઇ લેખિત કે મૌખિક પુરાવો આપવા માંગતા ન હોય, ફરિયાદ પક્ષ તરફે તેમનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષે રજૂ પુરાવો ધ્યાને લેતા આરોપીઓના બી.એન.એસે.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઇ આવતો ન હોય આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૪)** આ કામે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની તેમજ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદ્દાઓ –**

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ સાથે પ્રેમલગ્ન કરેલ હોય અને આરોપી નં.૧ કોઇ કામધંધો કરતા ન હોય જે બાબતે ફરિયાદીએ આરોપી નં.૧ ને કામધંધો કરતા આરોપી નં.૧, ૨, ૩ નાએ ફરિયાદીને

મેણાટોણા મારી અને અવાર–નવાર નાની નાની બાબતે ઝઘડો કરી, ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી તથા ગઇ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ આરોપી નં.૧ તથા ૨ નાએ પાઇપ અને લાકડીથી તથા આરોપી નં.૩, જનાએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી આજતો તને જાનથી મારી નાંખવી છે તેવી ધમકી અપાવી ફરિયાદીને શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ– ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું આખરી હુકમ ?

**(૬)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "નકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

– **<u>કારણો</u>** –

**<u>મુદ્દા નં. ૧</u>** –

**(૭)** આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ન પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી પ્રભાબેન અલ્પેશભાઇ માકડીયાનાઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેમના લગ્ન નવેક વર્ષ અગાઉ ટીટોડી ગામના અલ્પેશ હરસુખભાઇ માકડીયા સાથે થયેલ હતા. લગ્ન બાદ તેઓ બે વર્ષ સુધી રાજકોટ રહેવા ગયેલ હતા. તેઓએ પ્રેમલગ્ન કરેલ હોય શરૂઆતમાં તેઓ પતિ–પત્ની એકલા રહેતા હતા અને ત્યારબાદ તેઓ ટીટોડી ગામે સાસરીયામાં રહેવા આવી ગયેલ હતા. ત્યારે તેમની સાથે તેમના સાસુ,સસરા, તેમના દીયર અભય તથા અમિત તથા તેમના દાદી સાસુ સાથે રહેતા હતા. તેમના પતિ કંઇ કામ કરતા ન હોય આ

બાબતે તેઓ વચ્ચે વારંવાર સામાન્ય બોલાચાલી થતી હતી, જે બાબતનું તેમને લાગી આવતા તેમણે હાલની આંક–૧૧ વાળી ફરિયાદ કરેલી. આ સિવાય બનાવ બાબતે તેમને કાંઇ કહેવું નથી. બનાવ સમયે તેમના આડોશી પાડોશી તેમના ઘરે ભેગા થઇ ગયેલ હતા જેમાં ધક્કામુક્કીમાં તેમને કોઇકનો ધક્કો લાગતા તેઓ પડી ગયેલ હતા. જેમાં શરીરે તેમને સામાન્ય ઈજા થયેલ હતી. જેની તેમણે કેશોદ સરકારી દવાખાને સારવાર લીધેલ હતી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી હોય જે તેઓએ ઓળખી બતાવેલ છે.

સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઇ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત ખરી જણાવેલ છે કે, ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હતી. વધુમાં એ વાત ખરી જણાવેલ છે કે, તેમના પતિ, તેમના સાસુ–સસરા તેમજ તેમના બંન્ને દીયરે તેમને લાકડી વડે તેમજ પાઇપ વડે માર મારેલ નથી. વધુમાં એ વાત ખરી જણાવેલ છે કે, તેમને તેમના સાસરીયા પક્ષે તેમને કોઇ ભુંડી ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ઢીકાપાટુનો માર મારેલ નથી. વધુમાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, છેલ્લા આઠ મહિનાથી તેઓ તેમના પતિ સાથે સ્વૈચ્છીક રીતે રાજીખુશીથી તેમની સાસરીમાં જ રહે છે અને હાલ આરોપીઓ સાથે કોઇ તકરાર બાકી રહેતી નથી.

(૮) ત્યારબાદ આંક–૧૨થી સાહેદ સાજણભાઇ સામતભાઇ બાંભણીયાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેમની દીકરી પ્રભાના લગ્ન નવેક વર્ષ અગાઉ ટીટોડી ગામના અલ્પેશ હરસુખભાઇ માકડીયા સાથે થયેલ હતા. લગ્ન બાદ તેમની દીકરી અને તેમના જમાઇ બે વર્ષ સુધી રાજકોટ રહેવા ગયેલ હતા. તેમની દીકરીએ પ્રેમલગ્ન કરેલ હોય શરૂઆતમાં તેમની દીકરી અને જમાઇ એકલા રહેતા હતા અને ત્યારબાદ તેમની દીકરી ટીટોડી ગામે

સાસરીયામાં રહેવા આવી ગયેલ હતી. ત્યારે તેમની દીકરી સાથે તેમના સાસુ, સસરા, દિયર, અભય અને અમિત તથા દાદી સાસુ સાથે રહેતા હતા. તેમના જમાઇ કંઇ કામ કરતા ન હોય આ બાબતે તેમની દીકરી અને જમાઇ બંન્ને વચ્ચે વારંવાર સામાન્ય બોલાચાલી થતી હતી. જે બાબતનું તેમની દીકરીને લાગી આવતા તેણે હાલની ફરિયાદ કરેલ હતી. આ સિવાય બનાવ બાબતે તેમને કાંઇ કહેવું નથી. બનાવ સમયે તેમની દીકરીના સાસરામાં રહેતા તેમના આડોશી પાડોશી તેમના ઘરે ભેગા થઇ ગયેલ હતા જેમાં ધક્કામુક્કીમાં તેમના દીકરાને કોઇકનો ધક્કો લાગતા તે પડી ગયેલ હતી જેમાં શરીરે તેને સામાન્ય ઈજા થયેલ હતી. જેની તેમની દીકરીએ કેશોદ સરકારી દવાખાને સારવાર લીધલ હતી. પોલીસે તેમનું નિવેદન લીધેલું.

સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઇ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, આરોપી ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હતી. વધુમાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેમની દીકરીના પતિ, તેમના સાસુ-સસરા તેમજ બંન્ને તેમની દીકરીને લાકડી વડે તેમજ પાઇપ વડે માર મારેલ નથી. વધુમાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, છેલ્લા આઠ મહીનાથી તેમની દીકરી તેના પતિ સાથે સ્વેચ્છીક રીતે રાજીખુશીથી તેમની સાસરીમાં જ રહે છે અને હાલ આરોપીઓ સાથે કોઇ તકરાર બાકી રહેતી નથી.

(૯) વધુમાં, ફરિયાદ પક્ષે આંક-૧૩ થી સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક-૧૪ થી આરોપીઓનું અટક પંચનામું, આંક-૧૫ થી એમ.એલ.સી. સર્ટીફીકેટ રજૂ થયેલ છે. જેને આરોપી પક્ષની સહમતીથી આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે

તો, આ કેસના મુખ્ય ભોગ બનનાર અને ફરિયાદી પ્રભાબેન અલ્પેશભાઇ માકડીયાને આંક–૧૦ ની જુબાની તથા તેમના પિતા અને મહત્વના સાક્ષી સાજણભાઇ સામતભાઇ બાંભણીયાની આંક–૧૨ ની જુબાનીની સરતપાસમાં પ્રોસીક્યુશનના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી, જેથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સાહેદોની ઉલટતપાસ જોતા, તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, ઘરકામ તેમજ ફરિયાદીના પતિના કામધંધા બાબતે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હતી અને આરોપીઓએ ફરિયાદીને લાકડી, પાઇપ કે ઢીકાપાટુનો કોઇ માર મારેલ નથી, તેમજ કોઇ ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. વધુમાં, ફરિયાદી છેલ્લા આઠ મહિનાથી પોતાના પતિ અને સાસરીયાઓ સાથે સ્વેચ્છાએ અને રાજીખુશીથી રહે છે અને તેમની વચ્ચે હવે કોઇ તકરાર બાકી રહેતી નથી.

**(૧૧)** જ્યાં સુધી ફરિયાદ પક્ષે રજૂ રાખેલ આંક–૧૩ થી ૧૫ ના સ્થાનિક જગ્યાના પંચનામા, અટક પંચનામા તથા એમ.એલ.સી. સર્ટીફીકેટ જેવા દસ્તાવેજી પુરાવાઓનો સંબંધ છે, ત્યાં સુધી જ્યારે કેસના આધારસ્તંભ સમાન ફરિયાદી અને ભોગ બનનાર પોતે જ બનાવની હકિકત કે આરોપીઓની ગુનાહિત સંડોવણી બાબતે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય, ત્યારે માત્ર સહમતીથી વંચાણમાં લીધેલા આવા દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓને તકસીરવાન ઠેરવવા માટે પુરતા ગણી શકાય નહીં.

વધુમાં આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૮૫, ૧૧૫, ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેમાં ક્રુરતા, સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી તે મુખ્ય તત્વો છે. જોકે, મહત્વના સાહેદ એવા ફરિયાદીએ સ્વીકાર કરેલ છે કે, બનાવ સામાન્ય બોલાચાલી સિવાય બીજું કાંઈ બનેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમના પતિ તેમજ સાસરીયા પક્ષ તરફથી કોઈ લાકડી વડે તેમજ પાઇપ વડે માર મારવામાં આવેલ નથી, ભુંડી ગાળો આપવામાં આવેલ નથી. આમ, ગુનાના આવશ્યક તત્વો સાબિત ન થતા હોવાથી આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહીં.

**(૧૨)** આમ, ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં જણાય છે કે ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યો છે. ફરિતયાદ પક્ષના સાક્ષીની જુબાનીમાં રહેલા વિરોધાભાસને કારણે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત મુજબ, જ્યારે કેસમાં વ્યાજબી શંકા હોય, ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે. આથી ફરિયાદ પક્ષ દ્વારા રજૂ પુરાવાથી આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ સાથે પ્રેમલગ્ન કરેલ હોય અને આરોપી નં.૧ કોઇ કામધંધો કરતા ન હોય જે બાબતે ફરિયાદીએ આરોપી નં.૧ ને કામધંધો કરતા આરોપી નં.૧, ૨, ૩ નાએ ફરિયાદીને મેણાટોણા મારી અને અવાર–નવાર નાની નાની બાબતે ઝઘડો કરી, ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી તથા ગઇ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ આરોપી નં.૧ તથા ૨ નાએ પાઇપ અને લાકડીથી તથા આરોપી નં.૩, જનાએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી આજતો તને જાનથી મારી નાંખવી છે તેવી ધમકી અપાવી ફરિયાદીને શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ– ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો નિશંકપણે પુરવાર થતા ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## – <u>આ ખ રી હુ ક મ</u> –

**(૧)** આ કામના આરોપી નં. (૧) અલ્પેશ હરસુખભાઇ માકડીયા, નં. (૨) હરસુખભાઇ ભીમશીભાઇ માકડીયા, નં. (૩) શારદાબેન વા.ઓ. હરસુખભાઇ માકડીયા, નં. (૪) અભય હરસુખભાઇ માકડીયા, રહે તમામ ટીટોડી, તા.કેશોદવાળા, જિ. જૂનાગઢનાઓને બી.એન.એસ.ની કલમ– ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ મુજબ જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ થાય તો તે કામે છ માસ સુધીના

રૂ.૫,૦૦૦/– (અંકે રૂ. પાંચ હજાર) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ.કેશોદ
તા.૧૦/૦૭/૨૦૨૬

(વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી. કેશોદ
(કોડ જી.જે.૦૧૪૮૪)